જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૬/૦૮/૨૦૨૬ ગુરૂવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૦૮૫/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૮ કેસ કરી, ૩૮ વ્યક્તિઓને ઝડપી, ૨૩૩ લીટર દેશી દારૂ, ૦૯ બોટલ ઈંગ્લીશ દારૂ, ૨૭૦૯ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧૪૫ બિયર ટીન, ૦૩ સ્કુટર અને ૦૧ બોલેરો પીકઅપ ગાડી કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૦૮ કેસ કરી, ૩૫ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧,૨૬,૩૧૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૧૦૮૬/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૮૨ વ્યક્તિઓની અને પાસા મુજબ ૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૧૦૮૭/૨૦૨૬**

વસ્ત્રાપુરઃ અમરીશભાઈ નગીનદાસ શાહ (ઉ.વ.૬૮)(રહે. સંશાર્યા ફ્લેટ વસ્ત્રાપુર સરકારી વસાહત રોડ, વસ્ત્રાપુર) એ તા.૦૫/૦૮/૨૦૨૬ ના રોજ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે અમરીશભાઇ શાહના ઓળખીતા આરોપી ભાવીકભાઇ નલીનભાઇ શાહ (રહે. ડ્રાઇવ ઇન પેલેસ એપાર્ટમેન્ટ, થલતેજ) એ અમરીશભાઇ શાહને વિશ્વાસમા લઇ, તેમના સંબંધીને વિદેશમાં અભ્યાસ કરવા મોકલવા સારૂં બેંક બેલેન્સની જરૂરીયાત જણાવી પૈસા પરત કરવાની શરતે પૈસાની માંગણી કરતા માહે એપ્રિલ/૨૦૨૬ થી તા.૦૧/૦૮/૨૦૨૬ સુધીના સમયગાળા દરમ્યાન અમરીશભાઈ શાહ પાસેથી રૂપિયા ૧૦,૦૦,૦૦૦/– મેળવી લીધા હતા. ત્યારબાદ અમરીશભાઇ શાહએ આપેલ પૈસાની માંગણી કરતા ભાવીકભાઇ નલીનભાઇ શાહે રૂપિયા પરત નહી આપી વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એમ.બી.ગઢવી ચલાવે છે.

સોનાની ચેઇન ખેચી તોડી લઇ ગયોઃ– **સમાચાર યાદી નં.૧૦૮૮/૨૦૨૬**

કૃષ્ણનગરઃ શાંતાબહેન કેશુભાઈ વાણીયા (ઉ.વ.૬૫)(રહે. પ્રભાકર ટેનામેન્ટ, જી.ડી.હાઇસ્કૂલ પાસે, કૃષ્ણનગર) તા.૦૫/૦૮/૨૦૨૬ સાંજના ૪/૧૫ વાગ્યાના સુમારે પ્રભાકર ચાર રસ્તા નજીકથી ચાલતા પસાર થઈ રહ્યા હતા ત્યારે મોટર સાઇકલ ઉપર આવેલ એક પુરૂષ શાંતાબહેન વાણીયાના ગળામાંથી સોનાની ચેઇન કિમત રૂપિયા ૪૫,૦૦૦/– ખેચી તોડી લઈ નાસી ગયો હતો. આ અંગેની ફરીયાદ શાંતાબહેન વાણીયાએ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.એમ.ઠાકોર ચલાવે છે.

અપમૃત્યુઃ– **સમાચાર ચાદી નં.૧૦૮૯/૨૦૨૬**

વસ્ત્રાપુરઃ દિલીપભાઇ રમણભાઇ પટેલ (ઉ.વ.૪૫)(રહે.અદિત એલીગન્સ નીલકંઠ રેસીડન્સીની બાજુમા નિકોલ) તા.૦૫/૦૮/૨૦૨૬ સાંજના ૬/૩૦ વાગ્યાના સુમારે વસ્ત્રાપુર સંદેશ પ્રેસ રોડ પેજવન હોટલના બેઝમેન્ટના ઢાળમાં ઉભી રાખેલ બોલેરો પીકઅપ ફોર વ્હીલ ગાડીમાંથી પ્લાયવુડને બાંધેલ દોરી છોડતા હતા ત્યારે પ્લાયવુડ ભરેલ ગાડી પાછળ આવતા, દિલીપભાઇ પટેલ નાઓ બોલેરો પીકઅપ ગાડી અને દિવાલ વચ્ચે દબાઇ જતા ગંભીર ઈજાઓ થતા તેમનું મૃત્યું નિપજ્યું હતુ. આ અંગે વસ્ત્રાપુર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી કે કે ઝાલા ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર ચાદી નં.૧૦૯૦/૨૦૨૬**

ચાંદખેડાઃ ઝનકારભાઈ સુરેશભાઈ પટેલ (ઉ.વ.૪૫)(રહે.ગોદરેજ ગાર્ડન અમદાવાદ) (મુળ રહે–ઉભરાણ તા–માલપુર જી–અરવલ્લી) એ અગમ્ય કારણસર તા.૦૪/૦૮/૨૦૨૬ બપોરના ૧૨/૩૦ વાગે અમદાવાદ ખાતે પોતાના ઘરે ઝેરી પ્રવાહી પી લેતા સારવાર અર્થે તેમને અરવલ્લી બાયડ ખાતે જય શિવાલીક હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જયાં સારવાર દરમ્યાન તા.૦૫/૦૮/૨૦૨૬ સવારના ૭/૦૦ વાગે તેમનું મૃત્યું નિપજ્યું હતું. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી આનંદકુમાર પરષોત્તમભાઈ ચલાવે છે.

વટવાઃ કાયનાત વા/ઓ મોહમદફરહાન મકરાણી (ઉ.વ.૨૮)(રહે. સિલીકોન–૧૦૧ બીબી તળાવ ચાર રસ્તા પાસે વટવા) એ અગમ્ય કારણસર તા.૦૪/૦૮/૨૦૨૬ સાંજના ૭/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે વટવા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.એચ.પરમાર ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ.યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી